(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

ઈરાન વિરૂધ્ધ ઈઝરાયેલ-અમેરિકાના યુદ્ધમાં ઈરાનના ઘણા પ્રમુખ નેતાઓને માર્યાના અમેરિકા-ઈઝરાયેલના દાવા અને બીજી તરફ ઈરાન, ઈઝરાયેલના પરસ્પર એકબીજા પર હવાઈ હુમલા ચાલુ હોવા છતાં યુદ્ધ હવે યુક્રેન-રશીયા યુદ્ધની જેમ તેની આક્રમકતા ગુમાવી દેવાના અંદાજોએ આજે વૈશ્વિક બજારોમાં રિકવરી સાથે ભારતીય શેર બજારોમાં સુધારાની હેટ્રિક લગાવી હતી. ફંડો, મહારથીઓએ ઈન્ડેક્સ બેઝડ આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોને સોફ્ટ ટાર્ગેટ કર્યો પાછલા દિવસોમાં મોટી શોર્ટ પોઝિશન બનાવનારા ખેલંદાઓના વેચાણો ક્યાવવારૂપીઝડપી ઉછળોને આપ્યો હતો. આઈટી શેરોની આગેવાનીએ ઈન્ડેક્સ બેઝડ ઉછળ જ્યારે ઓટોમોબાઈલ શેરોમાં પણ વધુ વેચાણો કર્યા ઉલટાં કેટલા શેરોમાં વેલ્યુબાઈંગ થયું હતું. આ સાથે ટેપ્ટિલ ગુડ્ઝ-પાવર, બેંકિંગ-ફાઈનાન્સ, રિયાલ્ટી, ક્ન્ઝયુમર ડ્યુરેબલ્સ, ઓઈલ-ગેસ શેરોમાં ફંડોએ તેજી કરી હતી. સેન્સેક્સ ૬૩૩.૨૦ પોઈન્ટ વધીને ૭૬૭૦૪.૧૩ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૯૬.૬૫ પોઈન્ટ વધીને ૨૩૭૭૭.૦૦ બંધ રહ્યા હતા. ત્રણ દિવસમાં સેન્સેક્સ ૨૧૪૦ પોઈન્ટ વધ્યો છે. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ૬૨૭ પોઈન્ટ વધ્યો છે.

આઈટી શેરોમાં ફરી તેજી : આઈટી ઈન્ડેક્સ ૭૮૬ પોઈન્ટ ઉછળ્યો : ટીસીએસ, ટેક મહિન્દ્રા ઉછળ્યા

તેજીની આગેવાની આજે ફરી આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોએ લીધી હતી. ફંડોએ ટીસીએસ સહિતના ક્ન્ટલાઈન શેરોમાં તેજી કરતાં ઘણા ખેલંદાઓના વેચાણો ક્યાવા લાગ્યા હતા. માસ્ટેક રૂ.૮૩.૨૦ વધીને રૂ.૧૫૪૫, કેપીઆઈટી ટેકનોલોજી રૂ.૩૬.૧૫ વધીને રૂ.૬૯૦.૧૦, ઓનવર્ડ ટેકનોલોજી રૂ.૧૯.૩૦ વધીને રૂ.૨૪૮.૩૦, કોફોર્જ રૂ.૫૮.૧૫ વધીને રૂ.૧૧૩૨, ઓરેકલ ફિનસર્વ રૂ.૨૯૩ વધીને રૂ.૬૬૦૦.૯૫, ઈન્ફોસીસ રૂ.૩૪.૯૫ વધીને રૂ.૧૨૧૭.૪૫, ટેક મહિન્દ્રા રૂ.૩૩.૮૫ વધીને રૂ.૧૩૮૬.૩૫, સોનાટા સોફ્ટવેરરૂ.૮.૪૫ વધીને રૂ.૨૪૦.૫૦, એચસીએલ ટેકનોલોજી રૂ.૩૪.૬૦ વધીને રૂ.૧૩૫૫.૬૦, ટીસીએસ રૂ.૧૮.૪૦ વધીને રૂ.૨૪૪૧.૧૫ રહ્યા હતા. બ્રીએસઈ આઈટી ઈન્ડેક્સ ૭૮૫.૫૯ પોઈન્ટ ઉછળીને ૨૮૬૨.૬૯ બંધ રહ્યો હતો.

કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સ ૧૨૭૦ પોઈન્ટ ઉછળ્યો : વારી રૂ.૩૦૪, પ્રીમિયર રૂ.૬૦, કેઈઆઈ રૂ.૧૮૭ ઉછળ્યા

ટેપ્ટિલ ગુડ્ઝ-પાવર શેરોમાં આજે વધુ કવરિંગ સાથે ફંડો તેજીમાં આવી ક્ન્ટલાઈન શેરોમાં મોટી ખરીદી કરી હતી. કેઈઆઈ રૂ.૧૮૭.૧૦ વધીને રૂ.૪૩૯૯.૯૦, મઝગાંવ રૂ.૯૨.૫૫ વધીને રૂ.૨૪૫૬.૪૦, કોચીન શિપ રૂ.૫૨ વધીને રૂ.૧૪૧૨, એલજી ઈક્વિપમેન્ટ રૂ.૧૪.૨૦ વધીને રૂ.૪૮૨.૦૦, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૨૪.૯૦ વધીને રૂ.૪૭૨૨.૯૦, પોલીકેબ રૂ.૧૯૧.૮૫ વધીને રૂ.૩૩૧૧.૧૦ રહ્યા હતા. બીએસઈ ટેપ્ટિલ ગુડ્ઝ ઈન્ડેક્સ ૧૨૯૯.૮૧ પોઈન્ટ ઉછળીને ૬૯૨૧૩.૪૨ બંધ રહ્યો હતો.

સુધારાની હેટ્રિક : સેન્સેક્સમાં ત્રણ દિવસમાં ૨૧૪૦ પોઈન્ટનો ઉછાળો : આજે ૬૩૩ પોઈન્ટ વધ્યા

ઓટો શેરોમાં સતત રિકવરી : ભારત ફોર્જ રૂ.૫૯, ટીઆઈ રૂ.૭૭, મહિન્દ્રા રૂ.૮૪, બજાજ રૂ.૧૬૧ વધ્યા

ફંડ ઓઈલની આયાત સુનિશ્ચિત કરવા સરકારે પેટ્રોલ, ડિઝલનો પુરવઠો પર્યાપ્ત હોવાનું આશ્વાસન આપતાં અને હોર્મુઝ સ્ટ્રેટ્સ ખાતે ક્સાયેલા ફંડ ઓઈલ, એલપીજી ભરેલા જહાજો મુક્ત કરાવવા પ્રયાસો ચાલુ હોવાના આપેલા નિવેદન વચ્ચે આજે ઓટોમોબાઈલ શેરોમાં સતત ત્રીજા દિવસે ફંડો લેવાલ રહ્યા હતા. ભારત ફોર્જ રૂ.૫૮.૮૫વધીને રૂ.૧૮૦૪.૧૦, ટીઆઈ ઈન્ડિયા રૂ.૭૭.૦૫વધીને રૂ.૨૧૫૨.૬૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૮૪ વધીને રૂ.૩૨૧૪.૫૦, ટીવીએસ મોટર રૂ.૨.૨૦ વધીને રૂ.૩૫૮૦, એસ્સાઈડ રૂ.૬.૩૦વધીને રૂ.૩૦૮.૪૦, ઉનો મિન્ડા રૂ.૨૧.૬૦ વધીને રૂ.૧૦૭૫, બજાજ ઓટો રૂ.૧૬૦.૮૫ વધીને રૂ.૦૨૬૭.૧૫, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૫.૩૦ વદીને રૂ.૩૨૪.૫૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૦૮૪.૧૯ પોઈન્ટ ઉછળીને ૫૧૬૩૮.૩૨ બંધ રહ્યો હતો.

રિયાલ્ટી શેરોમાં મંદીને બ્રેક લાગી ફંડો લેવાલ : પ્રિગ્રેડ રૂ.૩૬, અનંતરાજ રૂ.૨૨, પ્રેસ્ટિજ રૂ.૫૪ વધ્યા

રિયાલ્ટી ક્ષેત્રે શેરોમાં મંદીને બ્રેક લાગી ફંડોની આજે શોર્ટ કવરિંગ સાથે વેલ્યુબાઈંગરૂપી લેવાલી રહી હતી. મિડલ ઈસ્ટમાં અશાંતીના પરિણામે આગામી દિવસોમાં ઘણા હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોની ભારતના મહાનગરો સહિતમાં પ્રોપર્ટી શેરે ખરીદી વધવાની અપેક્ષાએ પણ ફંડો પ્રોપર્ટી શેરોમાં લેવાલ બન્યાની ચર્ચા હતીગોદરેજ પ્રોપર્ટીઝ રૂ.૫૭.૯૫ વધીને રૂ.૧૧૪૨.૭૦, ડીએલએફ રૂ.૧૪.૪૫ વધીને રૂ.૫૬૨.૫૦, ફિનિક્સ રૂ.૨૪.૨૫ વધીને રૂ.૧૧૧૮.૯૦ રહ્યા હતા. બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૧૪૭.૮૪ પોઈન્ટ વધીને ૫૮૦૩.૩૬ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં સતત આકર્ષણ : એયુ બેંક રૂ.૨૮ વધી રૂ.૯૩૦ : આઈડીએફસી, ફેડરલ વધ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ વેચવાલી અટકી ઘટાડે સતત ફંડોની પસંદગીની ખરીદીવધતી જોવાઈ હતી. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૦.૧૫વધીને રૂ.૮૪૧.૬૫, એક્સિસ બેંક રૂ.૨૩.૮૦ વધીને રૂ.૧૨૫૨.૯૦ રહ્યા હતા. અન્ય શેરોમાં ઉંચો ફેપ્ટિલ રૂ.૧૨.૫૫ વધીને રૂ.૯૯.૨૫, સીએસબી બેંક રૂ.૩૭.૪૦ વધીને રૂ.૩૮૯.૮૫, ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંક રૂ.૪.૨૨ વધીને રૂ.૫૫.૫૯, પિલાની ઈન્વેસ્ટમેન્ટ રૂ.૩૫૫.૧૦ વધીને રૂ.૪૭૭૯ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૫૩૩.૩૯ પોઈન્ટ વધીને ૬૨૧૯.૨૦ બંધ રહ્યો હતો.

હેલ્થકેર શેરોમાં વેચાવાલી અટકી ફંડોનું વેલ્યુબાઈંગ : બજાજ હેલ્થકેર, ક્લુજેટ, પેનેશિયા બાયો વધ્યા

હેલ્થકેર-ફાર્મા શેરોમાં પણ વેચાવાલી અટકીને ફંડોએ ઘટાડે પસંદગીના શેરોમાં વેલ્યુબાઈંગ કર્યું હતું. બજાજ હેલ્થકેર રૂ.૩૦.૫૧ વધીને રૂ.૩૦૮.૧૦, ક્લુજેટ રૂ.૩૧.૬૫ વધીને રૂ.૩૮૩.૦૦, પેનેશિયા બાયો રૂ.૨૩.૦૦ વધીને રૂ.૩૪૧.૩૫, સિગચી રૂ.૧.૩૨ વધીને રૂ.૧૫.૯૧, સન ફાર્મા એડવાન્સ રૂ.૫.૪૦ વધીને રૂ.૧૨૦.૨૦ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૨૧૪.૧૬ પોઈન્ટ વધીને ૪૨૩૦૧.૭૬ બંધ રહ્યો હતો.

FPIs/FIIની ફંડમાં રૂ.૨૭૧૪ કરોડની ચોખ્ખી વેચવાલી : DIIની રૂ.૩૨૫૩ કરોડની ચોખ્ખી ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે-બુધવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૨૭૧૪.૩૫ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી કરી હતી. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની આજે રૂ.૩૨૫૩.૦૩ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી.

શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૫.૩૦ લાખ કરોડ વધીને રૂ.૪૩૯ લાખ કરોડ

સેન્સેક્સ, નિફ્ટીમાં સતત ત્રીજા દિવસે ઉછળાની સાથે સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં આજે વ્યાપક તેજીએ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન એટલે કે રોકાણકારોની એક્ત્રિત સંપતિ આજે એક દિવસમાં રૂ.૫.૩૦ લાખ કરોડ વધીને રૂ.૪૩૯ લાખ કરોડ રહી હતી.

સૌરાષ્ટ્રના વિવિધ બજારભાવ

રાજકોટ સીંગતેલ
ગુજરાતમેળ બજાર
સીંગદાણા ૧૭૦૦-૧૪૨૫
૨૦-૨૫કેજી
ટુકાવીયા ૧૩૦૦-૧૩૩૦
૧૦-૧૫કેજી
સીંગખોળ ૩૧૦૦૦-૩૧૫૦૦
પામતેલ લુઝ ૧૩૫૦-૧૩૪૦
સોયાબીન તેલ ૧૨૧૦
રાજકોટ સીંગતેલ
છુટક ભાવ
સીંગતેલ ૧૫ ડિલોના ટીન ૨૮૧૦-૨૯૧૦
કપાસીયા તેલ ૧૫ ડિલો ના ડબા ૨૩૮૦-૨૪૧૦
પામતેલ ૧૪૦૦-૧૨૦૦
સરસીયું ૧૩૦૦-૧૩૩૦
સનફલાવર ૧૪૧૦-૧૪૬૦
મકાઈ તેલ ૧૦૮૦-૧૦૮૦
સનબ્રાન્ડી ૩૦૦૦-૧૦૦૦
કોપરેલ ૨૩૫૦-૨૪૧૦
એરંડીયું ૨૧૮૦-૨૩૧૦
રાજકોટ મગફળી
મગફળી જાડી ૧૩૬૦-૧૪૮૦
મગફળી મી ૧૪૩૦-૧૪૮૦
કોપરેલ
કોપરેલ ૧૨૦૦-૧૪૦૦
કપાસીયા ખોળ
૫૦ કિલો ૧૮૦૦-૧૮૫૦
ખાંડ
ખાંડ છી ૪૩૧૦-૪૩૮૦
ખાંડ સી ૪૧૧૦-૪૧૬૦
બાવલ ૪૦૦૦મુજી
રાજકોટ બ્રેસન
મણ ૧૮૦૦-૧૯૦૦
મેસન ૧૪૦૦-૧૫૦૦
ચણાની દાળ ૭૦૦-૭૨૦૦
રાજકોટ ચોખા
એકસેલમી ૩૦૦૦-૩૨૦૦
પરીમલ ૩૬૦૦-૪૧૦૦
જયરાજ ૨૦૦૦-૧૮૦૦
મહાલક્ષી ૧૮૦૦-૧૯૦૦
રૈડીયો ૧૨૮૦૦-૧૪૦૦
રાજકોટ સોના ચાંદી
ચાંદી ૨૧૪૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૫૩૮૦૦
સીકકા (૧ ગ્રામ) ૧૫૪૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૧૧૦૦
રાજકોટ યાર્ડ
ક્યાર બી.ટી. ૧૨૨૦-૧૪૧૦
જુવાર સફેદ ૦૨૫-૧૦૦૦
તુવેર ૧૧૧૦-૧૨૬૩
ઘઉ ટુકડા ૦૧૦-૧૦૬૦
મગ ૦૦૦-૧૬૮૧
મરચા ૦૦૦-૧૫૬૧
વરાડી કેરી ૭૦૦-૧૦૭૫
મગફળી ૧૦૦૦-૧૩૬૦
મગફળી જાડી ૧૦૦૦-૧૧૧૧
મગફળી મી ૧૦૦૦-૧૩૩૦
તલી ૧૩૧૦-૧૬૧૦
સોયાબીન ૧૦૦-૧૦૨૧
મેસ્ટા ૧૧૦૦-૧૧૧૧
મેસ્ટા ૧૧૦૦-૧૧૩૧
ગુવાર ૧૦૦૦-૧૦૧૧
ગુવાર ૧૦૦૦-૧૦૧૧
ગુવાર ૧૦૦૦-૧૦૧